# V. & C. Patel English School

## Summative Assessment-I

તારીખ : ૧૩-૯-૨૦૧૭ | ધોરણ : ૬ | ગુણ : ૮૦
સમય : ૩ કલાક | વિષય : ગુજરાતી

સૂચના:

૧) જમણી બાજુના આંકડા ગુણ દર્શાવે છે.

૨) બધાજ પ્રશ્નોના ઉત્તરો ફરજિયાત છે.

૩) જવાબ સ્પષ્ટ અને સુવાચ્ય અક્ષરે લખવા.

પ્ર. ૧. નીચે આપેલ ગદ્યખંડને આધારે પ્રશ્નોના સાચા ઉત્તરો શોધીને લખો. (૫)

વડોદરા વિશ્વામિત્ર નદીના કાંઠે વસેલું ગુજરાતનું સાંસ્કૃતિક નગર છે. તેનું જુનું નામ વટપદ્ર છે. વિશ્વામિત્રી નદીના કિનારે ઘણા વડનાં ઝાડ હોવાથી વડ હેઠલ વિકસેલું શહેર સમય જતાં વડોદરા થઈ ગયું. અંગ્રેજીમાં લોકો તેને બરોડા કહીને પણ બોલાવે છે. વડોદરા ગુજરાતનું ત્રીજા નંબરનું મોટું શહેર છે. વર્ષો સુધી વડોદરા ઉપર ગાયકવાડ સરકારનું શાસન રહ્યું. આધુનિક વડોદરાના રાજકીય, શૈક્ષણિક, સાંસ્કૃતિક વિકાસનો શ્રેય મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજાના ફાળે છે. તેમણે ફરજીયાત શિક્ષણ, પુસ્તકાલયો, ઉચ્ચ શિક્ષણ માટે, વિશ્વ વિદ્યાલયોની સ્થાપના કરી. રાજ્યની જાણીતી એવી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી વડોદરામાં આવેલી છે. આ ઉપરાંત વડોદરામાં કમાટીબાગ, લાલબાગ, આજવા સરોવર, કીર્તિ મંદિર, બરોડા મ્યુઝિયમ જેવાં જોવા લાયક સ્થળો પણ આવેલાં છે.

પ્રશ્નો :-

૧. વડોદરા કઈ નદીના કિનારે આવેલું શહેર છે?

૨. વડોદરાનું જુનું નામ કયું હતું?

૩. વડોદરા રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કોણે કરાવ્યું ?

૪. વડોદરામાં આવેલી જાણીતી યુનિવર્સિટીનું નામ શું છે ?

૫. પ્રસિદ્ધ આજવા સરોવર ક્યાં આવેલું છે ?

પ્ર. ૨. નીચે આપેલા વિષયમાંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો. (૭)

૧. જન્માષ્ટમી    ૨. આપણો રાષ્ટ્રધ્વજ

પ્ર. ૩. (અ) નીચે આપેલ મુદ્દાઓને આધારે વાર્તા લખો. (૬)

સસલુ અને કાચબો - બંન્ને વચ્ચે દોડની હરીફાઈ - સસલાનું અભિમાન - વચ્ચે આરામ કરવો - કાચબાની ધીમી ગતિ - સસલા કરતાં પહેલાં પહોંચી જવું - કાચબાની જીત - સસલાની હાર - બોધ

(બ) તમારા મોટાભાઈના લગ્ન છે. તેથી તમે એક અઠવાડિયું શાળાએ જઈ શકો તેમ નથી. તેની મંજૂરી માટેની રજાચિઠ્ઠિ તમારા વર્ગશિક્ષકને લખો. (૬)

પ્ર. ૪. (અ) નીચે આપેલ પ્રશ્નોના ઉત્તરો આપેલ વિકલ્પમાંથી શોધીને લખો. (૪)

૧. કિલ્લોલ કોણ કરે છે?

અ) ચકલીઓ    બ) પક્ષીઓ    ક) કુંજડિયો    ડ) મોર

૨. કહળસંગ હટાણું કરવા ધંધૂકે શું લઈને ગયો હતો?

અ) ઘોડાગાડી    બ) બળદગાડું    ક) ગાડી    ડ) રીક્ષા

૩. નોકરને જવાબ શીખવનાર કોણ હતું?

અ) અકબર    બ) બિરબલ    ક) બેગમે    ડ) ફાંસીગાર

૪. રવિશંકર વ્યાસને 'મહારાજ' નું બિરુદ કોણે આપ્યું?

અ) રાજાએ　　બ) બ્રાહ્મણોએ　　ક) લોકોએ　　ડ) બહારવટિયાઓએ

(બ) યોગ્ય જોડકાં જોડો. (૨)

૧) પગલે - પગલે - લોકકથા

૨) બિરબલની યુક્તિ - નાથાલાલ દવે

૩) લેખણઝાલી નો રહી - સંતબાલ

૪) મહેનતની મોસમ - ચાતુર્ય કથા

પ્ર. ૫. નીચે આપેલ પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (કોઇ પણ સાત) (૭)

૧. હરખચંદ શેઠે મણેક કપાસિયા શા માટે ખરીદ્યા હતા ?

૨. કવિ હિંદને કોની ભૂમિ તરીકે ઓળખાવે છે?

૩. કવિ 'કાન્ત' નો જન્મ ક્યાં થયો હતો ?

૪. દુકાનદાર પાસે યુવકે કયા ફોન માટે મંજૂરી માંગી?

૫. બાળપણમાં રવિશંકર મહારાજનો સ્વભાવ કેવો હતો?

૬. સીમ કોને સાદ કરે છે ?

૭. ખાંડાની ધારે કેવી રીતે ચાલવાનું છે?

૮. શિરામણ સમયે સેનાપતિએ શા સમાચાર આપ્યા?

પ્ર. ૬(અ) નીચે આપેલ પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. (કોઈ પણ પાંચ) (૧૦)

૧. સ્ત્રીએ ફોન કરનાર યુવકને નોકરીએ રાખવાની શા માટે ના પાડી?

૨. સીમમાં શું લઈ જવા કહ્યું છે?

૩. રસ્તે ચાલતાં વચ્ચે શું શું આવે છે?

૪. બેગમ બાદશાહને શા સમાચાર આપ્યા?

૫. રવિશંકર મહારાજનો જીવનમંત્ર શું હતો?

૬. શિલ્પી શું કરી રહ્યો હતો?

૭. હિંદમાતા સંતાનોનું પોષણ કેવી રીતે કરે છે?

(બ) નીચે આપેલ કાવ્ય પંક્તિ પૂર્ણ કરો. (૩)

લીલો કંચન......................

.................................કિલ્લોલ રે ભાઈ!

પ્ર. ૭ નીચે આપેલ પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (કોઈ પણ ત્રણ) (૬)

૧. લીંપી ગૂંપી ખળા શા માટે કરવે પડે છે?

૨. કહળસંગે કઈ કઈ વસ્તુઓની ખરીદી કરી ?

૩. રવિશંકર મહારાજે લોક સેવાનાં કયાં કયાં કાર્યો કર્યાં?

૪. હરખચંદ શેઠે ગામ લોકોને શું શું લખી આપતા ? કેમ?

૫. રાજાના દર્શન કરતી વખતે ઝાડુવાળાએ શું કહ્યું?

પ્ર. ૮(અ) યોગ્ય શબ્દો મૂકી ખાલી જગ્યા પૂરો. (૪)

૧. રણનારો તે માનવીને દેનારો......................રે ભાઈ!...

૨. "કપાળમાં ઊગે વાળ તો.....................માં ઊગે ઝાડ."

૩. બાદશાહ જેવો કોળિયો ભરવા જાય છે તેવામાં જ એક................ટપ કરતી એના થાળમાં પડી.

૪. શિસ્ત, શાંતિ અને ..................નો તુ, પાઠ સૌને આપ્યે જ.

(બ) નીચે આપેલા વિધાનો કોણ બોલે છે તે કહો. (૨)

૧. "મારી છેલ્લે ઈચ્છા બાદશાહ સલામતનાં દર્શન કરવાની છે."

૨. "માથે અઢી બે મણ ભાર છે ઈ તો જુઓ"

(ક) નીચે આપેલ વિધાનો સાચા છે કે ખોટા તે લખો. (૨)

(P.T.O.)

૧. કહળસંગે હરખચંદનું બાચકું ગાડામાં મૂક્યું.
૨. અંતે રાજાએ ઝાડુવાળાને ઈનામ આપીને છોડી મૂક્યો.

પ્ર. ૯ (અ) નીચે આપેલ શબ્દોના અર્થ લખો. (૨)

ખાંડુ, ચતુરાઈ, હાટડી, મોસમ

(બ) નીચે આપેલ શબ્દોના વિરોધી અર્થ લખો. (૨)

ભણેલું, અજવાળું, સવાર, જન્મ

(ક) નીચે આપેલ રૂઢિપ્રયોગના અર્થ આપો. (૩)

૧. વહાણાં વાઈ જવાં.
૨. લાલ પીળા થઈ જવું.
૩. પગરણ માંડવા.

(ડ) નીચે આપેલ શબ્દ સમૂહ માટે એક શબ્દ આપો. (૨)

૧. મરણ પછી બારમા દિવસે થતી વિધિ.
૨. ઝટ ઉકેલી ન શકે તેવો પ્રશ્ન.

પ્ર.૧૦ (અ) વિરામ ચિહ્ ઓળખાવો. (૨)

| | | |
|---|---|---|
| ૧) અલ્પ વિરામ | - | . |
| ૨) પૂર્ણ વિરામ | - | ? |
| ૩) ઉદ્ગાર ચિહ્ન | - | , |
| ૪) પ્રશ્નાર્થ ચિહ્ન | - | ! |

(બ) નીચે આપેલ વાક્યોમાંથી સંજ્ઞા શબ્દ ઓળખાવો. (૨)

૧. પાર્થિવ ક્રિકેટ રમે છે.
૨. અમદાવાદ મોટું શહેર છે.
૩. દૂધમાંથી ઘી બને છે.
૪. બિરબલ ચતુર હતો.

(ક) નીચે આપેલ ગદ્યખંડને સુંદર અક્ષરોમાં લખો. (૩)

આજે સમાજજીવન એવું વિષય બન્યું છે કે વ્યક્તિના જીવનમાં ક્યારે પરિવર્તન આવે તે કહી શકાતું નથી. આપણામાં કહેવત છે કે ગધેડા સાથે ઘોડાને બાંધવામાં આવે તો ભૂંકતા નહિ, તો લાતો મારતાં જરૂર શીખે. ''એક બગડેલી કેરી આખા કરંડિયાની કેરી બગાડે છે.'' સોબત તેવી અસર' અને ''સાથી જ સારા મિત્રો'' માટે એ સદ્ભાગ્ય કહેવાય પણ પુસ્તકો પણ આપણા સારા મિત્રો બને જ છે.

Best of Luck